# પ્રેસનોટ

**<u>સાઉથ ઝોન-બી(કનકપુર) માં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૨૪ તેમજ તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ જર્જરીત/ બિસ્માર મિલકતના પાણી, ડ્રેનેજ કનેકશન દુર કરવા બાબતની વિગત:-</u>**

સાઉથ ઝોન-બી(કનકપુર)ના ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી અને ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન-બી(કનકપુર)માં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૧૦/૦૭/૨૦૨૪ તેમજ તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ જર્જરીત/ બિસ્માર મિલકતના પાણી, ડ્રેનેજ કનેકશન દુર કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઝોન-બી(કનકપુર)માં સમાવિષ્ટ જુદા જુદા વિસ્તારો જેવા કે પાલી, સચીન, પારડી કણદે, તલંગપોર, ગભેણી તેમજ ઉન વિસ્તારોમાં આવેલ જર્જરીત/બિસ્માર અવસ્થામાં જણાયેલ મિલ્કતોને અત્રેથી ધી.જી.પી.એમ.સી.એકટ ની કલમ-૨૬૪ મુજબની મકાન રીપેર કરવા તેમજ રીપેર થયા બાદ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેનું સર્ટીફીકેટ રજુ કરવા નોટીસ પાઠવવામાં આવેલ. જે અન્વયે મિલકતદારો/કબ્જેદારો/હિતસંબંધ ધરાવનારાઓ ધ્વારા નોટીસનો આજદિન સુધી અમલ કરવામાં ન આવતા તા.૧૦/૦૭/૨૦૨૪ તેમજ તા.૧૧/૦૭/૨૦૨૪ ના રોજ સદર જર્જરીત/ બિસ્માર મિલકતોના પાણી, ડ્રેનેજ કનેકશન દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી અંર્તગત કુલ ૪૮ જર્જરીત/ બિસ્માર મિલકતોના પાણી, ડ્રેનેજ કનેકશન દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. ૧૨૦<br>
તા.૧૧/૦૭/૨૦૨૪